# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન
# મોક્ષમાર્ગમાં ચલાવનાર આત્મજ્ઞાનીના સ્વરૂપનું વર્ણન
# 'સદ્ગુરૂ'

## જૈનો જાગો
રમેશ વૈજાણી

**લેખાંક : ૧૪**

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

આપણે આગળના લેખાંકમાં છઠ્ઠા ગુણસ્થાનક અને સાતમા ગુણસ્થાનકવાળા જ્ઞાની પુરુષોના (સદ્ગુરુના) મુખ્ય મુખ્ય ગુણો અને લક્ષણોની વિચારણા કરી અને હવે આગળ મુખ્ય મુખ્ય યોગિક ક્રિયાઓની વિચારણા કરીએ. વિષય-કષાયો નિર્મુળ થવાથી સહજ સ્વરૂપે શરીર હળવું થવું (શરીરના બંધારણ માપ કરતા વજન ઓછું). વિર્યનું ઉર્ધ્વગમન, ચિત્તની સ્થિરતાના કારણે ચેતના શક્તિની જાગૃતિ અને સહજ સ્વરૂપે સુધારસની (મુખરસ, અમૃતધારા અથવા શાંત સુધારસ વિગેરે અલગ અલગ શબ્દથી ઓળખાય છે) પ્રાપ્તિ અને અલ્પનિંદ્રા હોવા છતાં પ્રમાદ ન આવવો, અલ્પ આહાર હોવા છતાં અશક્તિ ન આવવી અને સહજ સ્વરૂપે વિતરાગ મુદ્રા ધારણ કરવી. (ગુણસ્થાનકમાં જીવ જે ગુણસ્થાનકે હોય ત્યાં ભાવે અને અનુભવે હોય અને આગળના ગુણસ્થાનકે દ્રવ્યથી હોય આ મોક્ષમાર્ગનો અનુભવના આધારે ગુણસ્થાનકમાં ચાલતા જીવનો લગભગ નિયમ) છઠ્ઠા ગુણસ્થાનકમાં (ઉપદેશકના ગુણસ્થાનકમાં) જીવ સંપ્રદાયનું સ્થાપન કરતો હોવાથી સાતમા ગુણસ્થાનકે દ્રવ્યથી હોય અને સાતમા ગુણસ્થાનકવાળો જીવ આઠમા ગુણસ્થાનકે (શ્રેણીની તૈયારી સ્વરૂપે) હોય. લિંગભેદનો અભાવ (સ્ત્રી-પુરૂષના ભેદરહીત). આવા અનેક પ્રકારની યોગિક ક્રિયાઓ અને લબ્ધીઓ સહજ હોય. મોક્ષમાર્ગમાં માર્ગાનુસારીથી આત્મિકગુણોનું પ્રગટપણું શરૂ થાય ત્યારથી ઘણા પ્રકારની થોડી થોડી લબ્ધીઓ ગુણના કારણે પ્રગટ થાય. અને કેવળજ્ઞાને પૂર્ણ ગુણો પ્રગટ થવાથી પૂર્ણ લબ્ધીઓ પ્રકાશીત થાય. (યોગ કરવાનો ન હોય, સહજ યોગ હોય. શ્રી તીર્થંકર મહાવીર સ્વામી ભગવાનનો સહજ રાજયોગ)

આપણે આગળના લેખાંકમાં શ્રી નમસ્કાર મહામંત્રના અધિકારયુક્ત ઉપકારીપણું બાળજીવોએ લેવાનું હોય છે તેની વિચારણા કરી હતી અને પછી બાળજીવો જ્યારે ભાવી ભવમાં આત્મજ્ઞાની બને છે ત્યારે શ્રી નમસ્કાર મહામંત્રનું ઉપકારીપણું કેવી રીતે નમ્રતાસહીત બીજા જીવો પાસે ઉતારવાનો પ્રયત્ન કરે છે તેની વિચારણા કરીએ.

પહેલા પદનો પરમાત્માએ રચાવેલા શાસ્ત્રનો સાર બીજા બાળજીવોમાં સ્થપાવે છે અને પરમાત્માના નામનો મહિમા બીજા જીવોમાં સ્થપાવે છે. અને બાળજીવોને પરમાત્માની ભક્તિમાં લાવે છે. એ પ્રકારે પરમાત્માનું ઉપકારીપણું વાળવાનું જ્ઞાની જીવો હૃદયપૂર્વકનો પ્રયત્ન કરે છે.

બીજા પદનું ઉપકારીપણું જ્ઞાની પુરૂષ વધીને ત્રીજા ભવે અથવા આવતા ભવે કેવળજ્ઞાન પામીને જ્યારે નિર્વાણ પામે છે. ત્યારે નિયમથી એક જીવને નિગોદમાંથી મુક્તિ મળે છે. એ પ્રકારે બીજા પદનું ઉપકારીપણું જીવ પોતાની ઉપર ચડેલો ઉપકાર બીજા જીવને નિગોદમાંથી મુક્તિ અપાવીને ઉતારે છે.

ત્રીજા પદનું ઉપકારીપણું જેવી રીતે જ્ઞાની પુરૂષે પોતાને સમકિત આપીને ભવમર્યાદા કરાવી એવી રીતે જ્ઞાની પુરૂષ ઓછામાં ઓછા બે જીવને ભવમર્યાદા કરાવીને પોતાની ઉપર પૂર્વમાં જ્ઞાની પુરૂષનો ચડેલો ઉપકાર આ રીતે વાળે છે.

ચોથા પદનું ઉપકારીપણું ઘણા જીવોને શાસ્ત્રની સાચી સમજણ આપીને અને ઘણા જીવોને માર્ગમાં મુકીને જેવી રીતે શ્રી ઉપાધ્યાયજીએ પોતાને મોક્ષમાર્ગ બતાવ્યો એવી રીતે બીજા જીવોને મોક્ષમાર્ગ બતાવીને ચોથા પદનું ઉપકારીપણું વાળવાનો હૃદયપૂર્વક પ્રયત્ન કરે છે.

પાંચમાં પદનું માતાપિતાનું ઉપકારીપણાનું, માતાને અલ્પભવી બન્યાની ખાત્રી અપાવે છે. (જ્ઞાનીની માતા લગભગ અલ્પભવી હોય) અને બીજા નબળા-સબળા જીવોનું જે ઉપકારીપણું માન્યું છે તે ઉપકારીપણાના ફળસ્વરૂપે જ્ઞાની બોધ પમાડતી વખતે નબળા-સબળાનો ભેદરહીત બોધ આપે છે. (પતિતને પાવન કરે છે) એ પ્રકારે પાંચમાં પદનું ઉપકારીપણું વાળવાનો પ્રયત્ન કરે છે.

આ પ્રકારે શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમ પાંચ પદોનું ઉપકારીપણું લેવું (બાળજીવે) અને ઉપકારીપણું વાળવું (જ્ઞાનીજીવે) તે સનાતન નિયમ છે. અને તે નિયમના આધારે અનાદિકાળથી મોક્ષમાર્ગ ચાલુ છે, વર્તમાનમાં ચાલે છે અને અનંતકાળ સુધી ચાલશે. જ્યાં સુધી જીવ શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમ પાંચ પદોનું જીવનમાં અને સમજણમાં ઉપકારીપણું ધારણ ન કરે ત્યાં સુધી મોક્ષમાર્ગથી ઘણો ઘણો દૂર છે.

હવે જ્ઞાની પુરૂષ બાળજીવોને સમકિત પ્રાપ્તિ કેવી રીતે કરાવે છે તેની વિચારણા કરીએ. વધીને પંદર ભવની મર્યાદાવાળું સમકિત પ્રાપ્ત કરવા માટે મુખ્ય સાત પ્રકૃતિનો ક્ષય કરવાનો હોય છે. ચાર કષાય પ્રકૃતિ અને ત્રણ : મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમકિત મોહનીય. ચાર કષાય પ્રકૃતિનો જીવને જ્ઞાનીના સત્સંગના પ્રભાવે અને જીવના અલ્પ પુરૂષાર્થ થકી (શ્રધ્ધાના બળે) અત્યંત મંદ થઈ જાય છે. સંસારભાવ જે સ્વભાવમાં હતો તે વિભાવમાં જાય છે અને આત્મિક ગુણો જે વિભાવમાં પડ્યા હતા તે સ્વભાવમાં આવે છે. (સ્વભાવ બને છે) જીવે અનંત ભવ ભ્રમણમાં ઈષ્ટદેવને પૂણ્ય બાંધવાના દ્રવ્ય સ્વરૂપે લઈને પૂણ્ય પ્રકૃતિ ગાઢ કરેલી હોય છે. તે પૂણ્ય પ્રકૃતિ જ્ઞાનીની કૃપાથી ક્ષય કરવાની હોય છે. તે પૂણ્ય પ્રકૃતિ બાળજીવે ક્ષય કરવા માટે જ્ઞાનીને પરમાત્મા સ્વરૂપ જોવાના હોય છે. (પરમાત્મામાં જ્ઞાની અને જ્ઞાનીમાં પરમાત્માના દર્શન) અનેક વિચારમાંથી (સંસારી) એક વિચાર જ્ઞાનીમાં, અનેક દ્રવ્યમાંથી એક દ્રવ્યમાં જ્ઞાની, અનેક જીવોમાંથી એક જીવમાં પ્રભુભક્તિ જ્ઞાની, અનેક ભાવોમાંથી એક ભાવ જ્ઞાની પ્રત્યે, આવી બાળજીવની અંતરદશા પ્રગટ થાય છે. ત્યારે બાળજીવને ગ્રંથિભેદ અથવા દ્રષ્ટીભેદ અથવા ભેદજ્ઞાન કરવાનું હોય છે અને જીવને જ્ઞાનીની હાજરી , જ્ઞાનીની વાણી અને જ્ઞાનીની આકૃતિનું સ્મરણ સહજ સ્વભાવમાં આવે છે. અને બાળજીવને શ્રધ્ધાના બળે અને જ્ઞાનીના યોગબળે જીવને સતત આનંદની અનુભૂતી થાય છે અને તે આનંદની અનુભૂતીએ જીવને સમકિતની ઈચ્છા પણ ક્ષય પામે છે. (સમકિતની ઈચ્છાએ સમકિત પ્રાપ્ત ન થાય અને કેવળજ્ઞાનની ઈચ્છાએ કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય) અને જ્ઞાનીના આશ્રયમાં મોક્ષસુખની અનુભૂતી થાય છે. ત્યારે બાળજીવને જ્ઞાની પુરૂષ (સદ્ગુરૂ) પરમાત્મા સ્વરૂપ વર્તાય છે. અને એ પરમાત્મા સ્વરૂપનું વ્યક્તપણે પરમાત્માની જેમ પૂજા કરીને પોતાના આનંદની પરમ તૃપ્તિ અનુભવે છે. અને ઘણા જીવો માર્ગાનુસારી બનવા માટે પૂણ્ય પ્રકૃતિને મંદ કરવા માટે સદેહે જ્ઞાની પુરૂષની પૂજા અર્ચના કરે છે અને સહજ સ્વરૂપે બળવાન ગુણોનું ઉપાર્જન કરે છે. (બાળજીવનો અહંકાર, અભિમાન, સ્વછંદ અને માનબુધ્ધિ અત્યંત મંદ થાય છે અથવા ક્ષય થાય છે) અને જ્ઞાની આવા બાળજીવો પ્રત્યે કરૂણાદ્રષ્ટિ રાખીને (માનબુધ્ધિ નહી) વ્યવહાર ધર્મ સાચવીને (અત્યંત મર્યાદીત જીવોની હાજરીમાં) બીજા જીવોને દુર્ભાવ ન થાય (વિવાદ રહીતપણે) અને કાળ અને ક્ષેત્રનો યોગ જોઈને બાળજીવોની પ્રકૃતિનો દોષ ટાળવાનો સંયોગ જોઈને કાર્ય કરે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના સંયોગે ત્રણ પ્રકૃતિનો ક્ષય કરે છે. અન્ય ધર્મોમાં આ માટે ખાસ વિશિષ્ટ દિવસો હોય છે. જેમ કે ગુરૂપૂર્ણિમા (ગુરૂ મહિમા દર્શાવતો દિવસ) અને બીજા અનેક દિવસો હોય છે. અને આ પૂજનના કાર્ય વખતે છત્રીસ ગુણોયુક્ત જ્ઞાની પુરૂષ છઠ્ઠા ગુણસ્થાનકથી સાતમા ગુણસ્થાનકની સ્થિતીમાં જાય છે અને સાતમા ગુણસ્થાનકવાળા આઠમા ગુણસ્થાનકની શરૂઆતની સ્થિતીમાં જાય છે. (નિર્વિચાર, નિર્વિકલ્પ અને નિર્વિષય) (દ્રષ્ટિની સ્થિરતા, દેહની સ્થિરતા, વચનની સ્થિરતા)

જૈન ધર્મમાં ઘણા સમયથી ભાવથી પ્રગટ સ્વરૂપે છત્રીસ ગુણોયુક્ત આચાર્યની હાજરી ન હોવાથી પરમાત્મા સ્વરૂપ પૂજન પ્રચલિત નથી પણ આવા ભાવથી પ્રગટ સ્વરૂપે છત્રીસ ગુણોયુક્ત આચાર્ય ભગવંત ન હોય તો એનાથી નીચેની અવસ્થા જેવી કે શાસ્ત્રના સિધ્ધાંતો પ્રત્યેની અખંડ શ્રધ્ધા (સિધ્ધાંત બોધ પચાવેલો હોય), દ્રવ્યથી ઉચ્ચ સ્થિતી પ્રાપ્ત કરેલી હોય (ત્યાગ અને વૈરાગ્ય બળવાન હોય), સતત પરમાત્માના તત્વોનો ફેલાવો કરવાના દ્રઢ ભાવ હોય અને ધર્મ માટે માથુ મુકીને પ્રાણ આપવાની તૈયારી હોય, પોતાની સાથે કોઈ હોય કે ન હોય તેનો વિચાર પણ ન કરે છતાંય યોગિક બળ બળવાન હોય અને યુગપુરૂષ જેવો પ્રભાવ હોય અને પોતાની સાથેના જીવોમાં નિર્વિવાદ હોય અને સાથેના જીવો પણ ધર્મ માટે પ્રાણ ન્યોછાવર કરે તેવા હોય એવા મહાપુરૂષ તેના સંપ્રદાયમાં પૂજાવાના અધિકારી ગણ્યા છે. અને તેવા મહાપુરૂષ લગભગ અલ્પભવી હોય છે. જ્ઞાનીની ગેરહાજરીએ તેવા મહાપુરૂષોને જૈન ધર્મમાં અધિકારી ગણ્યા છે. જ્ઞાની પુરુષ જ્ઞાનના આશ્રયે આવેલા શ્રધ્ધાવાન સાધકોને અખંડ શ્રધ્ધામાં લઈ જવા માટે (સાધકોને શંકા હોતી નથી) જ્ઞાની પુરુષ પોતાના સ્વમુખે કરૂણા દ્રષ્ટિથી પ્રેરાઈને સાધકોને કહે છે **"અમારા આત્મામાં પરમાત્માનું પ્રગટપણું થયેલું છે. જીવમાંથી શિવ બનેલ છે. (આત્મા પરમાત્મા બનેલ છે) અમારામાં અને પરમાત્મામાં ભેદ રાખતાં નહીં. અમને સાક્ષાત પરમાત્મા સમજજો."** એમ કહીને આવા પ્રકારની સમજણ આપીને જ્ઞાની પરુષ સાધકોને શ્રધ્ધામાંથી અખંડ શ્રધ્ધામાં લઈ જાય છે. અને સાધકો જે સમજતા હતા તે ખાત્રી સ્વરૂપ બને છે. અને પછી સાધકો જ્ઞાની પુરુષને જ્ઞાની પુરુષ ન સમજતા બોધિ સ્વરૂપ સમજે છે. (જીવ માટે જ્ઞાનીનું દરેક વાક્ય બોધ સ્વરૂપ બને છે.) અને પછી સાધક પોતાના જીવનમાં પૂર્વમાં જે કાંઈ વાંચેલું, સાંભળેલું હોય (શ્રુતજ્ઞાન) તેને મિથ્યા ગણીને જ્ઞાનીની આજ્ઞાને ધર્મ સમજીને પોતાના જીવનની પૂર્ણતા સુધીમાં ત્રણ પ્રકૃતિનો ક્ષય કરે છે (જીવ મોક્ષગામી બને છે). આવા પ્રકારનું જ્ઞાની પુરુષ પૂજન કરાવતા પહેલા સાધકોને (શ્રાવકોને) કરૂણા દ્રષ્ટિથી સમજણ આપે છે. (એક પ્રકારનું સોંગદનામું)

આવા અધિકાર વગરના જીવો જો પૂજાય અને બાળજીવો અજ્ઞાને પૂજે તો અનંત ભવ ભ્રમણનું કારણ બન્નેને બને, કારણ કે પરમાત્માનું સ્વરૂપ અજ્ઞાનીમાં જોવે અને જો અજ્ઞાનીનું રૌદ્ર સ્વરૂપ બાળજીવના લક્ષમાં આવે તો પરમાત્મા પ્રત્યે અભાવવૃત્તિ થાય અને પરમાત્માના અભાવે જીવ માર્ગ ચૂકી જાય. જીવ આખા જીવનમાં સદેહે કોઈપણ જીવની પૂજા કરતો હોતો નથી અને જીવનમાં જ્યારે એક જીવની પૂજા કરે છે (જ્ઞાનીની અથવા અધિકારી જીવની) ત્યાર પછી તેના જીવનમાં બીજી સર્વ પૂજાઓ ગૌણ બની જાય છે (પ્રતિમાજીની પૂજા). અને જ્ઞાનીમાં પરમાત્માના દર્શન થાય અને પરમાત્મામાં જ્ઞાનીના દર્શન થાય.

અને જે ધર્મમાં પ્રતિમાજીનું સ્થાપન ન હોય ત્યાં જ્ઞાની પુરુષો વિતરાગ મુદ્રા ધારણ કરીને યોગિક નૃત્ય (મયુર નૃત્ય-નટરાજ નૃત્ય) દ્વારા બાળજીવોમાં સતત જ્ઞાનીનું સ્મરણ રહે (સંસારનું વિસ્મરણ થાય) એવી રીતે કરૂણા દ્રષ્ટિથી કૃપા કરે છે. આની વિષેની વિશેષ વિચારણા યોગે કરીને ભાવી લેખાંકમાં કરીશું.

**આનંદ આનંદ આનંદ**

*** સત્સંગ ***

**વિનયપૂર્વકના પૂજનથી જીવ પરીણામલક્ષી બને છે (આત્મધર્મી) અને વિવાદપૂર્વકના પૂજનથી જીવ ફળલક્ષી બને છે. (પાપ-પૂણ્ય)**

**જ્ઞાની પૂજન કરાવીને અનંત ભવમાંથી અલ્પ ભવમાં લઈ જાય.**
**અજ્ઞાની પૂજન કરાવીને સરળ જીવને અનંત ભવભ્રમણનું કારણ બને.**

*** સત્સંગનું ફળ ***

**સદ્ગુરૂ અને અસદ્ગુરૂની યર્થાથ સમજણ અને સદ્ગુરૂનો યર્થાથ અનુભવ (આનંદની અનુભૂતી)**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.